# ઓનલાઇન ટ્રાવેલ કંપની મેક માય ટ્રીપ ડોટ કોમ હવે અમદાવાદમાં!

અમદાવાદ : ઓનલાઇન ટ્રાવેલ કંપની, Make My Trip.comએ આજે, ગુજરાત રાજ્યમાં તેનો વ્યવસાય વિકસાવવાની જાહેરાત કરી હતી. તેની કામગીરીના નવપ્રસ્થાન થવાની સાથે જ હવે પ્રવાસીઓ વિશ્વસ્તરની મુસાફરીની સેવાઓ મેળવી શકશે. સસ્તામાં સસ્તી એરલાઇન ટિકિટ, હોટલ બુકીંગમાં વ્યાજબી દર અને જે રીતે જોઇએ તેવા રજા માણવાના વિકલ્પો. આ બધી જ સુવિધાઓનો લાભ હવે ગુજરાતના ગ્રાહકો પણ મેળવી શકશે. અમેરિકામાં ઇન્ડિયા ટ્રાવેલ માર્કેટમાં ચાર વર્ષ સુધી નફાકારક કાર્ય કર્યા પછી. આ કંપનીએ તેનું ભારત ખાતેનું કાર્ય સપ્ટેમ્બર ૨૦૦૫માં શરૂ કર્યું. ભારતમાં મુસાફરી કરનાર વર્ગની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા ભારત ખાતે નવપ્રસ્થાન કર્યું છે.